પ્રશ્નક્રમાંક-૨૭

# 17

## વલસાડ જિલ્લામાં વન વિભાગ દ્વારા રોડ માટે બાકી મંજૂરી

* 15/04/1520 **શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ** (વલસાડ): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વલસાડ જિલ્લાનો વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડના બાંધકામને વનવિભાગની મંજૂરી મળેલ નથી તે હકીકત સાચી છે,અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉક્ત મંજૂરી કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૨) વલસાડ જીલ્લાના વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડ વાઈડનીંગની માર્ગ અને મકાન વિભાગની ૯.૮૫ હેક.ની વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ મંજૂરી માટેની દરખાસ્તને ભારત સરકારની તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ મળેલ ૧૬ મી રીજીઓનલ એમ્પાવર્ડ કમીટી (આર.ઈ.સી.) દ્વારા મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે. |

-------------------------

# અગ્રતા ક્રમાંક.૧૭

# પૂરક નોંધ

## વલસાડ જિલ્લામાં રસ્તા બનાવવાની કુલ મળેલ દરખાસ્તોની વિગત

### વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ રસ્તા માટે

- કપરાડા તાલુકામાં એક (૧) (સરવર ટાટી/ચેપા-૦.૮૧ હેક.)
- ધરમપુર તાલુકામાં એક (૧) (કાકડકુવા-૦.૫૬ હેક.) દરખાસ્ત મળી હતી જેને મંજુરી આપવામાં આવેલ છે.
- આમ કુલ-૦૨ દરખાસ્તો મળેલ હતી. જેને મંજુરી આપવામાં આવેલ છે.

FRA 2006 હેઠળ

- વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ અંતર્ગત રસ્તા માટેની કુલ-૬ દરખાસ્તો વન વિભાગને મળેલ હતી, FCA
- જે પૈકી ત્રણ (૩) દરખાસ્તોને ભારત સરકારશ્રી તરફથી આખરી મંજુરી મળી ગયેલ છે.
- એક (૧) દરખાસ્તને તા:૧૮/૦૧/૨૦૨૪ ના રોજ મળેલ ૧૬મી રીજીઓનલ એમ્પાવર્ડ કમીટી (આરઈસી) દ્વારા મંજુરી માટે ભલામણ કરવામાં આવેલ છે.
- એક (૧) દરખાસ્ત રાજ્ય સ્તરે ભલામણ અર્થે મંજુરીની પ્રક્રિયા હેઠળ છે.
- એક (૧) દરખાસ્ત વળતર વનીકરણ માટે બિન જંગલ જમીનની પૂર્તતા બાકી હોવાથી યુઝર એજન્સી કક્ષાએ પડતર છે.

## વલસાડ જિલ્લામાં વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ અંતર્ગત મંજુરી માટે

## છેલ્લા બે વર્ષમાં મળેલ દરખાસ્તોની વિગત

| અ. નં. | વર્ષ | તાલુકો | દરખાસ્તનો વિષય | યુઝર એજન્સી | વિસ્તાર (હે.) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૨ | ઉમરગામ | ડાયવર્ઝન ઓફ ૦.૬૧ હેક. પ્રોટેક્ટેડ ફોરેસ્ટ ફોર એપ્રોચ રોડ એટ વિલેજ.ભીલાડ, તાલુકા-ઉમરગામ, જિલ્લો-વલસાડ (મોજે.ભીલાડ) | ડાયરેક્ટરશ્રી મોરાઇ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી. વાપી | ૦.૬૧ હેક્ટર | આખરી મંજુરી આપવામાં આવેલ છે |
| ૨ | ૨૦૨૩ | વાપી | ડાયવર્ઝન ઓફ ૧૩.૫૩ હેક્ટર પ્રોટેક્ટેડ ફોરેસ્ટ લેન્ડ ફોર ધી ડેવલપમેન્ટ ઓફ વડોદરા-મુંબઈ એક્સપ્રેસવે (ફેઝ-૧) કિમી. ૧૦૪+૭૦૦ થી ૩૭૮+૩૨૨ રોડ **(વડોદરા-મુંબઈ એક્સપ્રેસ રોડ)** | પ્રોજએક્ટ ડાયરેક્ટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઇન્ડીયા, સુરત | ૧૩.૫૩ હેક્ટર | આખરી મંજુરી આપવામાં આવેલ છે |
| ૩ | ૨૦૨૨ | પારડી, વાપી | ડાયવર્ઝન ઓફ ૧૨.૧૧ હેક્ટર પ્રોટેક્ટેડ ફોરેસ્ટ લેન્ડ ફોર ધી પ્રોજેક્ટ વર્ક ઓફ વાઈડનીંગ ટુ લેન ટુ ફોર લેન ફ્રોમ વાપી-પારડી રોડ ચે.૭૧૦/૦ થી ૭૧૮/૫ કિમી. ઓન એનએચ-૫૬ (વાપી-પારડી રોડ) | કાર્યપાલક ઈજનેરશ્રી, નેશનલ હાઈવે, ડિવિઝન, ભરૂચ | ૧૨.૧૧ હેક્ટર | આખરી મંજુરી આપવામાં આવેલ છે |
| ૪ | ૨૦૨૨ | વલસાડ | વાઈડનીંગ એન્ડ સ્ટ્રેન્થનીંગ ઓફ વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડ કિમી. ૨/૦ થી ૧૬/૦ તા.જિ.વલસાડ. (વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડ) | કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, વલસાડ | ૯.૮૫ હેક્ટર | દરખાસ્તને તા:૧૮/૦૧/૨૦૨૪ ના રોજ મળેલ ૧૬ મી રીજીઓનલ એમ્પાવર્ડ કમીટી દ્વારા મંજુરી માટે ભલામણ કરવામાં આવેલ છે |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | ૨૦૨૩ | પારડી. ધરમપુર | ફોર લેનીંગ ફ્રોમ દાહોદ–વાપી સેક્શન ઓફ એનએચ–૫૬ અંબાતલાટ થી કરવાડ સેક્શન (કિમી.૩૨૮+૦૪૦ થી ૩૭૨+૧૮૫) (અંબાતલાટ થી કરવાડ) | નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા | ૫૧.૪૬ હેક્ટર | વળતર વનીકરણ માટેબિન–જંગલ જમીનની પૂર્તતા બાકી હોવાથી યુઝર એજન્સી કક્ષાએ પડતર |
| ૬ | ૨૦૨૨ | વલસાડ, ધરમપુર | પ્રોજેક્ટ ઓફ વાઈડનીંગ એન્ડ સ્ટ્રેન્થનીંગ ઓફ તિથલ–વલસાડ–ધરમપુર રોડ કિમી. ૦/૦ થી ૩૧/૪ (ડબલ્યુ/એસ ૮/૦ થી ૩૧/૪) તા.જી.વલસાડ. (વલસાડ–ધરમપુર રોડ) | કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, વલસાડ | ૪૦.૩૬ હેક્ટર | રાજય સ્તરે ભલામણ અર્થે મંજુરીની પ્રક્રિયા હેઠળ |

FRA-2006

**વલસાડ જિલ્લામાં આજ સુધીમાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ પ્રજાલક્ષી સુવિધાઓ માટે કુલ ૨૭૨ દરખાસ્તોને મંજુરી આપવામાં આવી છે.**

| અ.નં. | પ્રકાર | મંજૂર દરખાસ્તો |
|---|---|---|
| ૧ | પીવાના પાણીનો પુરવઠો અને પાણીની પાઈપલાઈન | ૧૩૩ |
| ૨ | માર્ગો / ગ્રામ્ય રસ્તાઓ | ૩૭ |
| ૩ | તળાવ અને બીજા નાના જળાશયો | ૨૫ |
| ૪ | પાણી અથવા વરસાદનું પાણી એકત્ર કરવાના માળખા | ૨૩ |
| ૫ | શાળાઓ | ૨૨ |
| ૬ | આંગણવાડીઓ | ૧૩ |
| ૭ | દવાખાનું અથવા હોસ્પિટલ | ૭ |
| ૮ | વિદ્યુત અને દુરસંચારની લાઈનો | ૫ |
| ૯ | સમુદાય કેન્દ્રો | ૪ |
| ૧૦ | કૌશલ્ય વૃદ્ધિ અથવા વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો | ૨ |
| ૧૧ | વ્યાજબી ભાવની દુકાન | ૧ |
| | **કુલ ---** | **૨૭૨** |

## સરકારશ્રીની પૂર્વ મંજુરી સિવાય કામગીરી શરૂ કરવામાં આવેલ હોય અથવા કામગીરી પૂર્ણ કરવામાં આવેલ હોય તો શું દંડનીય જોગવાઈઓ છે ?

**ઉત્તર :**

- વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ નો ભંગ થયેલ હોઈ તો ગાઈડલાઈનના પેરા–૧.૨૧ મુજબ નીચે મુજબની જોગવાઈઓ છે.
- જે કિસ્સાઓમાં વન (સંરક્ષણ) ધારા, ૧૯૮૦ હેઠળ દરખાસ્ત વિચારણા હેઠળ હોય અને આખરી મંજુરી પહેલાં વન વિસ્તારનો ડાયવર્ઝન કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં

(અ) **દરેક વર્ષના કાયદાના ઉલ્લંઘન માટે પ્રતિ વર્ષ પ્રતિ હેક્ટર એક ગણુ નેટ પ્રેઝન્ટ વેલ્યુ (NPV) અને મહત્તમ પાંચ ગણી એન.પી.વી. તેમજ તેના ઉપર રકમ જમા કરવવા સુધીના સમય માટે ૧૨ ટકા સાધારણ વ્યાજ.**

(બ) **પબ્લિક યુટીલીટી પ્રોજેક્ટ માટે પેનલ્ટી ૨૦ ટકા રહેશે.**

(ક) સંબંધિત સરકારી કર્મચારી / અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી

(ડ) રાજય સરકારના સ્થાનિક કાયદાઓ મુજબ યુઝર એજન્સી સામે કાર્યવાહી.

# વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ની મૂળભૂત જોગવાઈઓ

**ઉત્તર :** વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળની મૂળભૂત જોગવાઈઓ નીચે મુજબ છે.

- આ કાયદા હેઠળ ડાયવર્ટ થતી જમીનનું લીગલ સ્ટેટસ બદલાતું નથી.
- કાયદાની જોગવાઈઓ હેઠળ વળતર વનીકરણ માટે જમીનના બદલામાં જમીન અને વૃક્ષોના બદલામાં વૃક્ષો દ્વારા નુકશાનીના વળતરની જોગવાઈ છે.
- વળતર વનીકરણ માટે ડાયવર્ટ થતી જમીન જેટલી બિન જંગલની જમીન અને તેના ઉપર વનીકરણ માટે થનાર ખર્ચ યુઝર એજન્સી દ્વારા કરવાના થાય છે.
- નામદાર સુપ્રિમ કોર્ટના વર્ષ ૨૦૦૮ ના હુકમ મુજબ નેટ પ્રેઝન્ટ વેલ્યુ યુઝર એજન્સી પાસેથી મેળવવાની થાય છે.
- આ ઉપરાંત ભારત સરકારશ્રીને લાગે અથવા રાજ્ય સરકાર જે સુચવે અને તેને ગ્રાહ્ય રાખવામાં આવે તો વન અને વન્યપ્રાણીઓના સંરક્ષણ માટે વધારાની શરત મુકવામાં આવે છે.